ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૧૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૫૫ ટકા

# લાભપાંચમે પાટનગર પુનઃ ધબકતું થયું



## વેપારીઓએ નવ વર્ષના વેપાર-ધંધાની શરૂઆત કરી : દિવાળીના મીની વેકેશન બાદ સરકારી કાર્યાલયો ફરી કાર્યરત થયા : સચિવાલય સહિત સર્વત્ર શુભેચ્છાઓની આપ-લેનો મહોલ જોવા મળ્યો



ગાંધીનગર, તા.૧૨

આજથી શહેર ફરી એકવાર ધબકતું થવા પામ્યું છે. લાભપાંચમના શુભ દિવસે શહેરમાં વેપાર-ધંધા પુનઃ કાર્યરત થયા છે. વળી, સળંગ પાંચ સરકારી રજાઓનું મીની વેકશન પણ પૂર્ણ થતાં જ શહેરની તમામ સરકારી, અર્ધસરકારી કચેરીઓ પણ પુનઃ કાર્યરત થતાં જ શહેરનું જનજીવન જાણે રાબેતા મુજબ ચાલુ થઈ ગયું છે. જો કે હજુ પણ કેટલાક વેપારીઓ, ખાસ કરીને જીઆઈડીસી સ્થિત ઉત્પાદકો સાતમે મૂહૂર્ત કરવાના હોઈ શહેરનો સંપૂર્ણપણે ધબકતું થતા બે દિવસ લાગશે.

લાભપાંચમ એ દિવાળી પછી નવા વર્ષે વેપાર-ધંધાનો ફરીથી પ્રારંભ કરવા માટે સૌથી શુભ દિવસ ગણાય છે અને વર્ષોની પરંપરા અનુસાર શહેરના મોટા ભાગના વેપારીઓ તથા વ્યવસાયિકો તેમના કામકાજની શરૂઆત આ દિવસથી કરે છે. આજે વહેલી સવારે સૂર્યોદય સાથે જ પ્રથમ ચોઘડિયું સારું હોવાથી દુકાનદારોએ તેમની દુકાનો આ મૂહુર્તમાં જ ખોલવાનું પસંદ કર્યુ હતું. વેપારીઓએ દુકાનોને નવા વર્ષે આસોપાલવના લીલા તોરણ બાંધી લાભપાંચમની પૂજા કરી વેપાર-ધંધાનો પ્રારંભ કર્યો હતો તેમજ તે સાથે એકબીજાને શુભેચ્છા પાઠમી મ્હોં મીઠું કરાવ્યું હતું. લાભ પાંચમના દિવસે મુહૂર્તના ઓર્ડર લેવાનું અને તેને પુરા કરવા પર વેપારીઓએ વિશેષ ધ્યાન આપ્યું હતું.

ગાંધીનગરના સરકારી, અર્ધસરકારી કચેરીઓ તથા પંચાયત કચેરીઓમાં પ્રથમવાર દિવાળીમાં સળંગ પાંચ દિવસની રજાઓનો યોગ ગોઠવાયો હતો જેના કારણે કર્મચારીઓ માટે મીની વેકેશન જેવો માહોલ સર્જાયો હતો. આજે આ મીની વેકેશન બાદ તમામ કચેરીઓ-કાર્યાલયો પુનઃ કાર્યરત થયા હતા અને શહેરમાં ચહલ-પહલનો માહોલ જોવા મળ્યો હતો. મોટાભાગના કર્મચારીઓએ આજે એકબીજાને મળીને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી જેના કારણે સચિવાલય સહિત તમામ કચેરીઓમાં હર્ષ અને આનંદનું વાતાવરણ જોવા મળ્યું હતું. અધિકારીઓએ પણ આજે મોટા ભાગનો સમય પોતાના સહકર્મચારીઓ તથા શુભેચ્છકો સાથે શુભેચ્છાની આપ-લેમાં વિતાવ્યો હતો. પાંચ દિવસ બાદ ફરી એકવાર શહેરના ટ્રાફિકમાં ચહલ પહલ જોવા પામી હતી અને જાણે પાટનગર ફરી એકવાર આળશ ખંખેરી ધમધમતું થવા પામ્યું હતું.

## ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે સહેલાણીઓનો ધસારો



ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના છેડે સાબરમતિ નદીના કોતરોમાં આવેલ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે કુદરતી વાતાવરણની મોજ માણવા માટે હજ્જારો નાગરીકોનો ધસારો રહે છે. દિવાળીના દિવસોથી પ્રકૃતિ ઉદ્યાનમાં સહેલાણીઓની ભારે ભીડને પગલે તંત્ર દ્વારા ખાસ તકેદારીના પગલા ભરવામાં આવ્યા છે. ત્યારે છેલ્લા પાંચ દિવસથી ગીર ફાઉન્ડેશન પ્રકૃતિ પ્રેમીઓથી ઉભરાયેલું જોવા મળી રહ્યું છે. આ પ્રકૃતિ પ્રેમીઓની મુલાકાતને પગલે ગીર ફાઉન્ડેશનના તંત્રને લાખો રૂપીયાની આવક પણ થવા પામી છે.

દિવાળી વેકેશનમાં પરિવાર કે મિત્રો સાથે નજીકના સ્થળે ફરવા પહોંચી જતા નાગરીકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે. કોઈ પણ જાતના આયોજન વિના ફરવા માટે નીકળેલા નાગરીકોને રહેવાની, જમવાની તેમજ ફરવાની ભારે તકલીફ પડી હતી. પ્રવાસન સ્થળો પર દિવાળીના દિવસોમાં ઉંઘાડી લુંટ ચલાવાય છે. ત્યારે અમદાવાદથી માત્ર ગણતરીની મિનીટોમાં પહોંચી જવાય અને સુંદર જોવા લાયક સ્થળ પ્રકૃતિ ઉદ્યાન ખાતે પ્રકૃતિ પ્રેમીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. રોજના હજ્જારો નાગરીકો ગીર ફાઉન્ડેશનની મુલાકાતે પરિવાર સાથે આવતા અંદર પણ ભારે ભીડ જામી હતી. ગીર ફાઉન્ડેશનનું પાર્કીંગ હાઉસ ફુલ થઈ જતા બહાર માર્ગ પર પાર્કીંગ કરવાની નાગરીકોને ફરજ પડી હતી. જયારે કલાકો સુધી ચાલીને અંદર જઈને પ્રકૃતિની મોજ સહેલાણીઓએ માણી હતી. નાના બાળકોને લઈને પક્ષીઓ, સરિસૃપો, સહિત વન્ય પ્રાણીઓ નિહાળવા માટે નાગરીકોએ રીતસરની દોટ મુકી હતી. સાબરમતિ નદીના કિનારે કોતરોમાં આવેલ પ્રકૃતિના ખોળે વન્યસૃષ્ટિ, પ્રાણીઓ તેમજ પક્ષીઓને નિહાળવા માટે તેમજ કુદરતી વાતાવરણ વચ્ચે સમય પસાર કરવા માટે નાગરીકો મોટી સંખ્યામાં આવતા તંત્રને પણ લાખો રૂપીયાની આવક થવા પામી છે.

## ફાયર સ્ટેશનને હંગામી ધોરણે સે-૨૨ રંગમંચ ખાતે ખસેડાશે

### સે-૧૭માં ગાંધીનગર મહાનગરપાલિકાનુ નવું બિલ્ડિંગ બનાવવાનું કાર્ય શરૂ કરાયું

ગાંધીનગર, તા.૧૨

શહેરના સેક્ટર-૧૭ ખાતે હાલ ગાંધીનગર ફાયર બ્રિગેડનું સ્ટેશન કાર્યરત છે ત્યાં ગાંધીનગર મહાનગરપાલિકાનુ નવુ બિલ્ડીંગ બનાવવાનો નિર્ણય લેવાયો છે. જે અંતર્ગત હાલના ફાયર સ્ટેશનને પણ તોડી પાડીને નવું બનાવવામાં આવનાર છે. નવું બિલ્ડીંગ બનાવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવતા હાલના ફાયર સ્ટેશનને સેક્ટર-૧૭માંથી હંગામી ધોરણે ખસેડીને સેક્ટર-૨૨ રંગમંચમાં ખુલ્લી જગ્યાએ લઈ જવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મહાનગરપાલિકાનું નવું બિલ્ડીંગ તૈયાર ન થઈ જાય ત્યાં સુધી સેક્ટર-૨૨ રંગમંચ પાસેથી જ ફાયર સ્ટેશનની કામગીરી ચાલશે.

સેક્ટર-૧૧ના બહુમાળી ભવન ખાતે આવેલુ ગાંધીનગર મહાનગર પાલિકાનું હાલનું બિલ્ડીંગ માર્ગ અને મકાન વિભાગ હસ્તક છે. મહાનગરપાલિકાનું નવું બિલ્ડીંગ સેક્ટર-૧૭ ખાતે જ્યાં ફાયર બ્રિગેડ કાર્યરત છે ત્યાં બનાવવા મંજૂરી મળી ગઈ છે. અંદાજે રૂપિયા ૨૦ કરોડના ખર્ચે આ નવું બિલ્ડીંગ બનાવવામાં આવનાર છે ત્યારે આ બિલ્ડીંગ બનાવવાની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. નવા બિલ્ડીંગમાં ચાર માળ હશે અને તેમાં એક અલાયદો ફાયર સ્ટેશન પર રાખવામાં આવશે. ફાયર સ્ટેશનનું હાલનું જુનું બિલ્ડિંગ તોડી પાડી કોર્પોરેશનનું નવુ બિલ્ડીંગ બનાવવામાં આવનાર છે ત્યારે આ સ્ટેશનને સેક્ટર-૧૭ માંથી હંગામી ધોરણે ખસેડીને સેક્ટર-૨૨ ખાતે લઈ જવા નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. ૨૨માં રંગમંચની પાસે ખુલ્લી જગ્યામાં શેડ ઉભો કરીને હંગામી ફાયર સ્ટેશન ઉભુ કરવાનું નક્કી કરી જ્યાં સુધી નવું ફાયર બ્રિગેડનુ બિલ્ડીંગ ન બને ત્યાં સુધી આ સ્થળેથી જ ફાયર બ્રિગેડની ટીમ દ્વારા કામગીરી કરવામાં આવશે. ફાયર ફાઈટિંગ માટે જરૂરી એવી પાણી પુરવઠા સહિતની તમામ સવલતો સેક્ટર-૨૨ના આ સ્થળે ઊભી કરવામાં આવશે. આ ઉપરાંત કંટ્રોલ રૂમ પણ બનાવવામાં આવશે અને ફાયર ઓફિસર માટે કેબિન પણ આ સ્થળે મૂકીને હંગામી ઓફિસ કાર્યરત કરવામાં આવશે.

### નેચરોપથી સેન્ટર રાંધેજા ખાતે વિનામુલ્યે કુદરતી ઉપચાર કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૧૨

નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ ગાંધીનગર અને ગુજરાત વિદ્યાપીઠ નેચરોપથી સેન્ટર રાંધેજા દ્વારા પ્રથમ નેચરોપથી દિવસ ૧૮ નવેમ્બરની ઉજવણી સપ્તાહ અંતર્ગત તા. ૧૫ નવેમ્બરને ગુરુવારના રોજ સમય ૩ થી ૫ કલાક દરમિયાન માટી ચિકિત્સા અને મનો ચિકિત્સાનો પ્રાયોગીક કાર્યક્રમ વિનામુલ્યે યોજાશે. સારવાર માટેની વ્યવસ્થા જળવાય તે માટે રજીસ્ટ્રેશન અનિવાર્ય છે. સંસ્થાના તમામ સભ્યો અને નગરજનોને અવશ્ય લાભ લેવા નૈસર્ગિક સ્વાસ્થય મંડળ દ્વારા અનુરોધ કરાયો છે.

### @ગાંધીનગર

● સે-૨૮ શિવકથા ખાતે રાત્રે ૮ કલાકે સુંદરકાંડના પાઠ સંજયભારતી બાપુની વ્યાસપીઠે યોજાશે.

### ચિરવિદાય

- સ્વ. વિનોદીનીબેન રવિન્દ્રકુમાર યાદવ, ઉ.વ. ૭૨
- સ્વ. પન્નાલાલ રેવાશંકર વોરા, ઉ.વ. ૮૦
- સ્વ. શાંતાબેન ડાહ્યાલાલ પ્રજાપતિ, ઉ.વ. ૮૫
- સ્વ. ભાનુમતીબેન બાબુભાઈ માધુ, ઉ.વ. ૭૦
- સ્વ. દંતાણી રેખાબેન સુનીલભાઈ, ઉ.વ. ૨૫

## શહેરના એસ.ટી. ડેપોને માત્ર ૧૦ દિવસમાં રૂ.૧૪ લાખની આવક

### મુસાફરોની માંગને અનુલક્ષી બસો દોડાવતા આવકમાં વધારો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર એસ.ટી.ડેપો દ્વારા દિવાળીના દિવસોમાં ખાસ વધારાની એસટી બસોનું સંચાલન કરવામાં આવ્યું હતું. જેમાં વડોદરા, સુરત, નવસારી, ભરૂચ, દાહોદ, ઝાલોદ સહિત સૌરાષ્ટ્રમાં વધારાની બસો દોડાવતા એસટી તંત્રની આવકમાં ધરખમ વધારો થવા પામ્યો છે. ત્યારે ગાંધીનગર એસટી ડેપો દ્વારા માત્ર ૧૦ દિવસના ટુંકા ગાળામાં અંદાજીત ૧૪ લાખથી વધુ નફો થવા પામ્યો છે.

દિવાળી અને નૂતન વર્ષના દિવસોમાં મુસાફરોને બસની યોગ્ય સુવિધા મળી રહે અને ખાનગી વાહનોમાં જોખમી મુસાફરી ન કરવી પડે તે માટે ગાંધીનગર એસટી તંત્ર દ્વારા સુચારું આયોજન કરવામાં આવ્યું હતું. આ દિવસોમાં જે રૂટમાં વધુ મુસાફરો હોય તે શહેર તરફ વધુ બસો દોડાવવામાં આવી હતી. શહેરમાં મજુરી કામ અર્થે આવતા શ્રમજીવી પરિવારો માટે ખાસ દાહોદ, ઝાલોદ, ગોધરા તરફના શહેરની બસો દોડાવવામાં આવી હતી. કાળી ચૌદશ અને દિવાળીના દિવસે મોટીમાત્રામાં શ્રમજીવી પરિવારોએ પોતાના વતનની વાટ પકડી હતી.ત્યારે એસટી તંત્રએ પણ મુસાફરોની માંગ મુજબ રૂટ દોડાવતા એસટી તંત્રને વધુ આવક થવા પામી છે. માત્ર ૧૦ દિવસમાં ગાંધીનગર ડેપોને અંદાજીત ૧૪ લાખ જેટલી વધુ આવક થવા પામી છે. તો બીજી તરફ ડેપો દ્વારા દિવાળીના પર્વ દરમિયાન અન્ય વિસ્તારમાં પણ મુસાફરોની માંગ મુજબ વધુ બસો વિવિધ શહેરો તરફ દોડાવી હતી.એકાદશીથી આજસુધી ગાંધીનગર ડેપો દ્વારા વધારાની બસોનું સંચાલન કરીને ૧૪ લાખથી વધુની આવક પ્રાપ્ત કરવામાં આવી છે. જયારે ગત્ વર્ષ કરતા આ વર્ષે આવકમાં વધારો નોંધાયો છે. ગાંધીનગર થી દિવાળીના દિવસોમાં પંચમહાલ જિલ્લા ઉપરાંત સૌરાષ્ટ્ર અને મધ્યગુજરાતના શહેર તરફ પણ બસોના રૂટ દોડાવવા માં આવ્યા હતા. મુસાફરોની માંગને ધ્યાને રાખીને એસટી તંત્ર દ્વારા સુચારુ સંચાલન કરવામાં આવતા મુસાફરોને બસ પણ સરળતાથી મળી રહે અને તંત્રને વધારાની બસ મુકવામાં આવતા આવકમાં પણ વધારો થવા પામ્યો છે.



લાભ પાંચમ એટલે નૂતન વર્ષના પ્રારંભનો સૌથી શુભ દિવસ. લાભ પાંચમને 'જ્ઞાન પંચમી' તરીકે પણ ઓળખવામાં આવે છે. ગાંધીનગરના સેકટર-૨૨ ખાતેના જૈન મંદિરમાં જ્ઞાન પંચમીની પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં નાના ભૂલકાંઓ સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત જૈન શ્રધ્ધાળુઓએ અક્ષત અભિષેકનો લ્હાવો લીધો હતો.

## ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓનું સ્નેહમિલન યોજાયું





ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ-કર્મચારીઓનું નવા વર્ષના આગમન અન્વયે કલેકટર કચેરીના પટાંગણમાં યોજાયેલ સ્નેહ મિલન કાર્યક્રમમાં જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગાએ જિલ્લાના અધિકારીઓ-કર્મચારીઓને નૂતન વર્ષેની શુભકામનાઓ પાઠવી હતી.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી હિતેષભાઈ કોયા, નિવાસી અધિક કલેકટર શ્રી એચ.એમ.જાડેજાની ઉપસ્થિતિમાં યોજાયેલ કાર્યક્રમમાં જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગાએ ગાંધીનગર જિલ્લાના વિકાસ માટે ઉન્નત શિખર સર કરવા કટિબધ્ધ થવા જણાવ્યું હતું. જિલ્લામાં કુપોષિત બાળકોને અધિકારી-કર્મચારીઓ દત્તક લઈને વિશેષ અભિયાન હાથ ધરી ગાંધીનગર જિલ્લો ૧૦૦ ટકા કુપોષણ મુકત બની આ કલંકને કાયમી તલાંજલિ આપવા સાથે દરેક સગર્ભા માતા પણ કુપોષણ મુકત બને તેવું અભિયાન હાથ ધરવા સૌને સંકલ્પબધ્ધ થવા જણાવ્યું હતું. જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગાએ જન સેવા કેન્દ્રની મુલાકાત લઇ અરજદારોને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી.

આ પ્રસંગે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી જી.પી.બ્રહ્મભટ્ટ, નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી એમ.જે.સોલંકી સહિત જિલ્લાના વિવિધ વિભાગોના અધિકારી અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## દિવાળીની મીઠાઈમાંથી હવે કાજુકતરી 'આઉટ'...!!

### શુભેચ્છા ભેટમાં પણ કાજુકતરીને સ્થાન નહીં : મોંઘીદાટ કાજુકતરી ખરીદ્યા પછી તેની શુધ્ધતા અંગે પણ શંકા સેવવી તેના કરતા અન્ય મીઠાઈ પસંદ કરવાનું શહેરીજનોએ ડહાપણ દાખવ્યું

ગાંધીનગર, તા.૧૨

આ વર્ષે દિવાળીની મીઠાઈઓમાં પણ ઘણી બધી વિવિધતા જોવા મળી હતી પરંતુ દર વર્ષે હોટ ફેવરીટ ગણાતી કાજુકતરીનું ચલણ આશ્ચર્યજનક રીતે ઓછું થયેલું જણાયું હતું. દિવાળીમાં 'વહેવાર' સાચવવા પણ દર વર્ષે કાજુ કતરીનું બોક્ષ આપવાનો ટ્રેન્ડ છેલ્લા કેટલાક વર્ષોથી સચિવાલય સહિતની સરકારી કચેરીઓમાં જોવા મળતો હતો તેમાં પણ આ વર્ષે કાજુ કતરીની ગેરહાજરી ઉડીને આંખે વળગે તેવી હતી અને તેના સ્થાને ચોકલેટ તથા વિવિધ ફ્રુટસ જેવા કે પાઈનેપલ, રાસબેરી, સ્ટ્રોબેરી, ઓરેન્જ ફલેવર આધારિત માવાની મીઠાઈનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું. શહેરીજનો પણ જયારે એકબીજાના ઘરે શુભેચ્છા આપવા ગયા ત્યારે યજમાને ઓફર કરેલ મીઠાઈમાં કાજુકતરી ઓછી જોવા મળી હતી.

દિવાળીમાં કાજુ કતરીની લોકપ્રિયતા એકાએક ઘટવા પાછળ એક તો તેની સતત વધતી જતી કિંમત અને બીજું તેની શુધ્ધતા અંગે સવાલો હોવાનું માનવામાં આવી રહ્યું છે. છેલ્લા કેટલાક સમયથી કાજુ કતરીનો ભાવ ૭૦૦થી માંડીને ૧ હજાર સુધીની રેન્જમાં જોવા મળતો હતો જે સામાન્ય મધ્યમવર્ગીય માટે ખૂબ મોંઘો સાબિત થઈ રહ્યો હતો. વળી, કાજુ કતરીની બનાવટમાં કાજુના સ્થાને સીંગદાણાનો ભૂકો અથવા શિંગોડાના લોટનો ઉપયોગ થતો હોવાની આશંકા પણ વધુ જોવા મળી રહી છે જેને કારણે શહેરીજનોએ મોંઘીદાટ કિંમત ચુકવીને નકલી મીઠાઈ લેવી તેના કરતા ઓછી કિંમતની નવી વેરાયટી પસંદ કરવાનું શાણપણ દાખવ્યું હતું.